ISSUE 1 JANUARY 2018

# અક્રમ ઝલક The DBF Insider



## In this Issue


Akram Updates- Pg 2 - 4
GNC Updates - Pg 5
Overseas Center Updates - Pg 6
Orrisa Center Story - Pg 7
JJ Highlights - Pg 8-9
Sevarthi Experiences - Pg 10-11
Gnan Booster - Pg 12
HR Buzz - Pg 13
New Releases- Pg 14
Special Message - Pg 15


## સંપાદકીય:

દાદા ભગવાન પરિવાર (અડાલજ) ની પ્રવૃતિઓ અને પ્રોજેક્ટસ દિવસે દિવસે વધતાં જ જાય છે. તેમાં અવનવા ફેરફાર પણ આવતા હોય છે. આજકાલ ટેકનોલોજીની પ્રગતિને કારણે જુદી જુદી રીતે અપડેટ્સ મળતાં જ હોય છે. તેવો જ એક નમ્ર પ્રયાસ સંસ્થા દ્બારા નવી રીતે થવા જઈ રહ્યો છે. ત્રિમાસિક ઈ-ન્યુઝલેટર દ્બારા મહાત્માઓને સંસ્થાકીય સમાચારો મળતા રહે તે તેનો ઉદ્દેશ્ય છે. અપડેટ્સ ઉપરાંત મહાત્માઓના જ્ઞાનના, સેવાના અનુભવો તેમજ પૂજ્યશ્રીની જ્ઞાનવર્ધક નાની નાની મજેદાર વાતો પણ જાણવા મળશે. જે મહાત્માઓ અડાલજ વારંવાર નથી આવી શકતા, તેમને પણ ઘરે બેઠા વિવિધ પ્રકારની જાણકારી મળ્યા કરશે. આપ પણ આપના અનુભવો આપના સેન્ટર કોર્ડીનેટર થકી મોકલી શકો છો અને પ્રતિભાવો છેલ્લા પાનાં પર આપેલ ઈમેઈલ પર મોકલી શકો છો. આશા છે કે આપને અમારો આ નવો અભિગમ પસંદ પડશે. કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે ક્ષમા કરશો.

જય સચ્ચિદાનંદ

# Akram Updates

ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન દુબઈ, મસ્કત, નૈરોબી, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, ભુવનેશ્વર, બોટાદ, ભાવનગર, રાજુલા, સાવરકુંડલા એમ ૧૧ સ્થળો પર જ્ઞાનવિધિ થઇ અને કુલ ૧૩,૧૫૬ લોકો જ્ઞાન પામ્યાં.

જુલાઈથી ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન આપ્તપુત્ર ભાઈઓએ દેશ અને વિદેશના ૧૮૦ સબ-સેન્ટરની મુલાકાત લીધી અને વિવિધ સ્થળોએ સત્સંગ કર્યા. MMHT સત્સંગ અને જાત્રા મહાત્માઓ માટે વિશેષ આકર્ષણ રહ્યાં.

જુલાઈથી ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન આપ્તપુત્રી બહેનોએ ભારતના ૫૨ સેન્ટર્સ પર WMHT સત્સંગ કર્યા. આ સ્થળોએ ગ્રુપ ડિસ્કશન તથા પર્સનલ ડિસ્કશન કરીને જે બહેનો અડાલજ ન આવી શકતાં હોય તેમને જ્ઞાનમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપ્યું. વિદેશમાં વસતાં NRI બહેનો માટે ZOOM સત્સંગ પણ કરવામાં આવ્યાં.

# New Centers in 2017

## 16 Satsang Centers

ભરતનગર (ભાવનગર)
નારી (ભાવનગર)
ચારોડીયા (રાજુલા)
ડુંડાસ (રાજુલા)
ગજાનંદ સોસાયટી(ધ્રોળ)
મોટા વાગુદળ (ધ્રોળ)
ગોત્રી (વડોદરા)
માંગરોળ
મીની બાઝાર (સુરત)
પીજ રોડ (નડિયાદ)
રામપુરા (પાલનપુર)
રાપર
સંલોદ (ભરૂચ)
સેક્ટર ૪ (ગાંધીનગર)
સાંગલી (મહારાષ્ટ્ર)
સાવરકુંડલા

## 4 MMht Centers

વાપી
કડી
થાણા (મુંબઈ)
વિસનગર

## 9 WMht Centers

આજવા (વડોદરા)
ભાદરણ
ધ્રોળ
લાલા
કોસંબા
વાપી
અંકલેશ્વર
ઓનજલ
અડાજણ (સુરત)

## 15 GNC Centers

**BMHT**
બોરીવલી (મુંબઈ)
ઘાટકોપર (મુંબઈ)
મુલુંડ (મુંબઈ)
મોરબી
જામનગર
ઘાટલોડિયા (અમદાવાદ)

**LMHT**
વિજાપુર
તલાલા
ધોરાજી
પોરબંદર
દિલ્હી

**YBOYS**
જેતપુર
ગોંડલ
મેહસાણા
સમા (વડોદરા)

# Sankul Updates

આજના હેલ્ધી જનરેશનની પ્રકૃતિ સમજીને, અક્રમ વિજ્ઞાનના મૂલ્યો જળવાઈ રહે તે માટે આપ્તસિંચનની નવી ડીઝાઇન ગોઠવવામાં આવી રહી છે જેનો શુભારંભ જાન્યુઆરી ૨૦૧૮ થી થશે. આ નવી ડીઝાઇન “On Trial” મોડ્યુલ કહેવાશે. હવેથી આપ્તસિંચન પૂજ્યશ્રીની નિશ્રામાં સીમંધર સીટીમાં જ થશે. દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આપ્તસિંચન ટ્રેનીંગ પ્રોગ્રામ હેઠળ બ્રહ્મચારી ભાઈઓનું ઘડતર લીંચ (જિ. મહેસાણા)માં અને બ્રહ્મચારી બહેનોનું ઘડતર ભાદરણ (જિ. આણંદ)માં થતું હતું.

પૂજ્યશ્રીના શબ્દોમાં કહીએ તો... “નદીનો પ્રવાહ, કે જે પહેલાં જંગલમાંથી જતો હતો, એનું વહેણ ફેરવી હવે એને ગામમાંથી વાળીએ છીએ".

જેમ પૂજ્ય નીરૂમાએ હાલના આપ્તપુત્રો અને આપ્તપુત્રીઓનું ઘડતર કર્યું હતું એ મુજબ જ આપ્તસિંચનની આ નવી ડીઝાઇન સાધકોનું સિંચન કરશે જેમાં સેવા અને સાધનાનો સમન્વય કરવામાં આવશે. સાધકોને દર વર્ષે પૂજ્યશ્રીનું વધુ સાંનિધ્ય મળે એવી વ્યવસ્થા કરવામાં આવશે. સીમંધર સીટીમાં સાધકોને જ્ઞાન પરિચય સાથે આપ્તસંકુલના અનુભવનો પરિચય પણ મળશે જે તેમનાં સર્વાંગી વિકાસ માટે ખુબ મદદરૂપ થશે.

# MMht Updates



આ વર્ષનો MMHT Day સપ્ટેમ્બર - ઓક્ટોબર મહિનામાં ૧૬ જીલ્લા લેવલના સેન્ટરોમાં ઉજવાયો. “એક પત્નીવ્રત એ જ બ્રહ્મચર્ય” એ વિષય પર આપ્તપુત્રોએ સત્સંગ કરાવેલ અને સહુ મહાત્માઓએ તે વિશે અદભુત વિડીઓ સત્સંગની CD માણી. આશરે ૨૦૦૦ જેટલા પરિણીત ભાઈઓએ આ MMHT Dayનો લાભ લીધો.

# WMht Updates



WMHT શિબિરના રજિસ્ટ્રેશન સરળ થાય તે માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા એ-કનેક્ટ એપ પર લઇ જવામાં આવી છે. કોર્ડીનેટર સરળતાથી હાજરી લઇ શકે તે માટે નવી સિસ્ટમ પણ ડેવલપ કરવામાં આવી રહી છે. દરેક WMHT સેન્ટરનું સરસ ડેવલપમેન્ટ થાય, સ્પષ્ટ કમ્યુનિકેશન થઇ શકે અને બહેનોને સત્સંગનો વધુ લાભ મળે તે માટે અડાલજમાં HQ ઝોનલની નવી સિસ્ટમ પણ શરૂ કરવામાં આવશે.

# Haridwar Shibir

તા.૨૯ નવેમ્બરથી ૩ ડિસેમ્બર દરમ્યાન હરિદ્વાર ખાતે હિન્દી શિબિરનું આયોજન થયું હતું. ઉત્તર ભારતમાં વસતાં ઘણાં મહાત્માઓને અડાલજ દૂર પડતું હોવાથી મે-જૂન મહિનામાં થતી હિન્દી શિબિરમાં આવી શકતાં નથી. આવા મહાત્માઓને  શિબિર મળે, પોતાની પ્રગતિ માટે આગળના સત્સંગ મળે અને પૂજ્યશ્રીનું વધુ સાંનિધ્ય મળે તેવા હેતુથી પહેલી વખત હિન્દીભાષી મહાત્માઓ માટે ઉત્તર ભારતમાં શિબિર કરવામાં આવી, જેમાં ૧૪૦૦ લોકોએ ભાગ લીધો.



Hindi Shibir - Haridwar

# Niruma's Birthday

તા. ૨ ડિસેમ્બરના ભારતના વિવિધ સેન્ટર્સ પર પૂજ્ય નીરુમાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી.  અડાલજમાં કાર્યક્રમ બાદ સહુ મહાત્માઓને નીરુમાના સંદેશની એક કાપલી આપવામાં આવી હતી. આશ્ચર્યરૂપે ઘણાબધા મહાત્માઓને પોતાની પ્રકૃતિ મુજબ જ સંદેશ મળ્યો હતો. નીરુમા અહીં સૂક્ષ્મરૂપે હાજર જ છે અને મહાત્માઓને પ્રકૃતિમાંથી બહાર કાઢવાની ચાવી આપી રહ્યાં છે એ અનુભૂતિ સૌને ફરી વખત થઇ.



Celebration at Adalaj




Biscuit Exhibition - Adalaj

“આ લાઈફ જો પરોપકાર માટે જાશે તો તમને કશીય ખોટ નહિ આવે.”

YMHT ના ભાઈઓએ ત્રિમંદિર, વાત્સલ્ય, સમાધિ, દાદા દર્શન જેવા અનેક સ્મારકો કે જેની સાથે નીરુમાની યાદો સંકળાયેલી છે, તેની સુંદર પ્રતિકૃતિ વિવિધ પ્રકારના બિસ્કીટમાંથી બનાવી જાયજેન્ટીક હોલમાં એક અનોખું પ્રદર્શન કર્યું.



Celebration at Haridwar with Pujyashree



Dada Darshan Opening

# Dada Darshan at Savarkundla

સાવરકુંડલામાં તા.૧૪ ડિસેમ્બરના પૂજ્યશ્રીના વરદ હસ્તે “દાદા દર્શન” સેન્ટરનું અનાવરણ થયું. સાવરકુંડલાના  "દાદા દર્શન" માં ૨૫૦ મહાત્માઓ બેસી શકે તેવી વ્યવસ્થા છે.  આ ઉપરાંત ડાયનીંગ એરિયા, ગાર્ડન અને પાર્કિંગ સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે.

# GNC Updates














## YMHT Boys

"સેવા"ના થીમ પર ઉજવાયું યુથ બોયઝનું મહા ફ્યુઝન જેમાં યુથ ટેલેન્ટ ફેર, પ્રેઝન્ટેશન, અને પ્રથમવાર YBOYS દ્વારા યુવાનો ઉપરાંત ૪૦૦૦ મહાત્માઓ માટે 'ફૂડ મેલા'નું આયોજન થયું, જેમાં ૫૫૦ યુથ ભાઈઓ અને ૧૨૫ સેવાર્થી કોર્ડીનેટરોએ દિલથી ભાગ લીધો. ભાઈઓના ફૂડમેલામાં પૂજ્યશ્રીની સરપ્રાઈઝ વિઝીટે યુવાનોને ખૂબ ઉત્સાહિત કર્યા.

## LMHT

૭ થી ૧૨ વર્ષના બાળકોનો ( LMHT ) ફ્યુઝનનો ટોપિક હતો "સુપર હ્યુમન". ૧૩ સેન્ટરના કુલ ૩૧૪ બાળકો અને ૯૧ દીદીઓએ આ ફ્યુઝનમાં ભાગ લીધો હતો. ફૂડમેલા ઉપરાંત વોલ પેઈન્ટીંગ આ ફ્યુઝનનું આકર્ષણ રહ્યું, જેમાં બાળકોએ અંબા બીઝનેસ પાર્કના બેઝમેન્ટની દીવાલો પર ૮૦ ચિત્રો પેઈન્ટ કર્યા.

## YMHT Girls

એક્સેપ્ટ ધ સિચ્યુએશન, પીઅર પ્રેશર, સેવા અને સંતોષ આ ટોપિક હતાં યુથ ગર્લ્સના ફ્યુઝનનાં, જેમાં ૩૮૭ છોકરીઓ અને ૬૭ કોર્ડિનેટર્સે ભાગ લીધો. "ફૂડમેલા વિથ જ્ઞાની" માં છોકરીઓએ ફૂડ જાતે બનાવવાથી લઈને ડેકોરેશન, વાઈન્ડ અપ બધું જ કામ ખૂબ જ આનંદ સાથે કર્યું હતું.

## BMHT

૪ થી ૭ વર્ષના બાળકો માટે અડાલજ દાદાનગરમાં યોજાયેલ ફ્યુઝનનો ટોપિક હતો "સુખનો ખજાનો". વિવિધ સેન્ટર્સના ૧૬૫ બાળકો અને ૫૫ દીદીઓએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો.

## I Spread Happiness

પૂજ્યશ્રીની ઉત્કૃષ્ટ ભાવનાના ભાગરૂપે દાદાઈ અક્રમ વિજ્ઞાનના પાયાની વાતો દરેક શાળામાં પહોંચાડવા માટે "I Spread Happiness"ના સેશન્સની સીરીઝ શરૂ કરવામાં આવી છે. સહભાગી થતી સ્કૂલમાં બાળકોની ભણવાની શરૂઆત "અંતર્યામી પરમાત્મા" પ્રાર્થનાથી થાય, વર્ષમાં ૭ થી ૧૦ "હેપ્પીનેસ સેશન" લેવાય, એક દિવસીય કેમ્પ અને વર્કશોપ થાય એ ભાવના સાથે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. અડાલજની આસપાસ ૩૪ સ્કૂલમાં લગભગ ૧૦,૦૦૦ બાળકો માટે તથા અમદાવાદની ૨૦ સ્કૂલમાં લગભગ ૯,૦૦૦ બાળકો માટે નિયમિત સેશન થઈ રહ્યાં છે. અન્ય ૩૫ સેન્ટર્સની ૮૦ થી વધુ શાળાઓમાં પણ આ પ્રોજેક્ટ શરૂ થયો છે.

અમદાવાદની શાળાઓમાં મેનેજમેન્ટની વિનંતીથી બાળકો માટે ખાસ ટૉપિક્સજેમ કે કુસંગ, ઈર્ષા, સ્પર્ધા પર એક દિવસીય કેમ્પ થયા. યુથ વિદ્યાર્થીઓ કોન્ફીડન્સ સાથે પરીક્ષા આપી શકે તે માટે વર્કશોપ થઈ. આ ઉપરાંત મંદબુદ્ધિના વિદ્યાર્થીઓ માટે ૧ કલાકનું સેશન અડાલજમાં દાદાનગર ખાતે લેવાયું.

# Overseas Updates




## Gnan Annkut

### "Sail the 7 Cs of Positivity"

લંડન (યુ.કે.) ખાતે ઉજવાયો એક ભવ્ય જ્ઞાન-અન્નકૂટ:
"સેઈલ ધ સેવન સીસ ઓફ પોઝિટિવિટી"

યુકેના મુખ્ય સેન્ટર દાદા દર્શન, લંડન ખાતે જ્ઞાન-અન્નકૂટરૂપી પ્રદર્શન ૨૦૧૭ ના વર્ષનું આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે.




૨૦૧૭ ના વર્ષનું થીમ "સેઈલ ધ સેવન સીસ ઓફ પોઝિટિવિટી" એક એવો જ્ઞાન સંદેશ આપે છે કે પોઝિટિવિટીના 7 'સી' શબ્દો (કન્સીડરેશન, કોમ્યૂનિકેશન, કોન્ટ્રીબ્યુશન, કંપેશન, કોન્ફિડન્સ, કો-ઓપેરશન, કનેકશન) ના સહારે આપણે જીવનસફરરૂપી સાત સમુન્દર પાર કરી શાશ્વત સુખ અને મોક્ષની પ્રાપ્તિ કરીએ.

સુંદર કલાકારીયુક્ત પ્રદર્શનની સાથોસાથ અક્રમ સાયન્સ એક્સપેરિમેન્ટ, ઓડિયો ગાઈડ, પપેટ શો, વિવિધ હસ્તકલા સ્ટોલ, બાળકો માટે ટેલેન્ટ સ્ટેજ તથા સ્વાદિષ્ટ ભોજનની લહાણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.



આ પ્રદર્શનને બહુ સુંદર પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં લગભગ ૨,૫૦૦ લોકો અને સ્કૂલના ૬૫૦ બાળકોએ મુલાકાત લઈને લાભ લીધો છે. આ પ્રદર્શન જોઈને લોકોને પોઝિટિવ દ્રષ્ટિકોણ મળ્યો છે અને પૂજ્યશ્રી પાસે જ્ઞાન લઈ સાચા સુખનો અનુભવ કરવાની ઉત્કંઠા દર્શાવી છે. લોકપ્રિય માંગને કારણે હજુ પણ પ્રદર્શન ચાલુ જ છે.



# Sub Center News

## The Humble Beginning of Orrisa Center

હાલમાં ભુવનેશ્વરમાં પહેલી વખત પૂજ્યશ્રીનો સત્સંગ અને જ્ઞાનવિધિનો કાર્યક્રમ થયો. ઓરિસ્સામાં સત્સંગના સંજોગો ભેગાં થવા પાછળ રસપ્રદ કિસ્સો છે.

ઓરિસ્સાના અમુક યુવાન ભાઈઓએ ૨૦૦૯ માં કોલકતામાં જ્ઞાન લીધું. સત્સંગ માટે તેમની પાસે સાહિત્ય ઓછું હતું તેમ છતાં તેઓ સત્સંગ માટે નિયમિત ભેગા થવા લાગ્યા. તેઓ સીમંધર સીટીમાં અને સેફ્રોનીમાં થતી બ્રહ્મચર્ય શિબિરમાં પણ નિયમિત આવવા લાગ્યાં. તેમની વિનંતીથી ૨૦૧૧ માં પહેલી વાર આપ્તપુત્રભાઈ ઓરિસ્સા ગયા, જેમાં માત્ર ૫ મહાત્માઓ અને ૨ મુમુક્ષુઓ આવ્યાં. ઓછા લોકો હોવા છતાં પણ ૨૦૧૨ અને ત્યારબાદ પણ આપ્તપુત્રભાઈઓ સત્સંગ માટે ઓરિસ્સા ગયાં. ઓરિસ્સાના આ યુવાનોએ દાદાના ૮ પુસ્તકોનો ઓરિયા ભાષામાં અનુવાદ કર્યો છે.
ચેન્નાઈસ્થિત મૂળ ઓરિસ્સાના એક મહાત્મા બહેને ૨૦૦૬ માં જ્ઞાન લીધું હતું અને પારાયણમાં નિયમિત આવતા હતાં. એક વાર પારાયણમાં પૂજ્યશ્રીએ ઓરિયા ભાષામાં પુસ્તકનું વિમોચન કર્યું ત્યારે તેમને ખબર પડી કે ઓરિસ્સાના અમુક યુવાન ભાઈઓ સત્સંગમાં આવે છે, પુસ્તકોનું અનુવાદ કરે છે અને તેઓ પૂજ્યશ્રીના ઓરિસ્સા સત્સંગ માટે પ્રયત્ન કરી રહ્યાં છે.



દિલ્હીમાં રહેતાં મૂળ ઓરિસ્સાના એક ભાઈ કે જેમને એક જ્યોતિષે કહેલી સર્વ વાતો સાચી પડેલી અને તેમને પ્રશ્ન થયો કે જો જીવનમાં બધું જ પહેલેથી નક્કી છે તો જીવનનો ધ્યેય શું છે? તેમનાં પત્ની ૨૦૦૬ થી ટી.વી. પર સત્સંગ જોતાં હતાં. ૨૦૧૪ માં તેઓ દ્વારકા આવેલાં અને અમદાવાદથી પરત જવાના હતાં. એ ભાઈએ તેમની પત્નીને કહ્યું કે તમે ટી.વી. પર જે સત્સંગ જોતાં હતાં તેમનું અડાલજમાં મંદિર છે માટે દર્શન કરવા જઈએ. તેઓ અડાલજ ત્રિમંદિર આવ્યાં. મંદિરમાં એક સેવાર્થીએ કહેવાથી તેઓ દાદા દરબારમાં પૂજ્યશ્રીના દર્શન માટે પહોંચ્યા. પૂજ્યશ્રીને જોતાવેંત જ પેલાં ભાઈને જાણે સર્વ પ્રશ્નોના જવાબ અને જીવનનો ધ્યેય મળી ગયો. તેમણે પૂજ્યશ્રીને પૂછ્યું કે હવે શું કરવું અને પૂજ્યશ્રીએ કહ્યું કે જ્ઞાન લઈ લો. દિલ્હીમાં જ્ઞાન લેતાં પહેલાં એ ભાઈએ ચાર આપ્તવાણીનો અભ્યાસ પણ કર્યો. ૨ વર્ષ પછી એ મહાત્મા ઓરિસ્સા રહેવા ગયા.

એ મહાત્મા ભાઈ ઓરિસ્સામાં એક પુસ્તકમેળામાં ગયા. ત્યાં દાદા ભગવાનના પુસ્તકોનો સ્ટોલ જોઈ અચંબામાં પડ્યાં. તે સ્ટોલનું સંચાલન પેલાં યુવાનભાઈઓ અને ચેન્નાઈવાળા મહાત્મા બેન કરી રહ્યાં હતાં. હવે આ સહુએ સત્સંગ માટે ભેગા થવાનું નક્કી કર્યું અને સાથે મળીને પૂજ્યશ્રીના સત્સંગનું આયોજન કર્યું. કેમ કરીને વધુ લોકો આ સત્સંગ પામે તે માટે તેઓ દાદાને પ્રાર્થના કરવા લાગ્યા અને તેમણે એક બીજા પુસ્તકમેળામાં ભાગ લીધો, જ્યાં ૧૨૨ લોકોનો સંપર્ક થયો કે જે ટી.વી.માં સત્સંગ જોતાં હતાં અને જ્ઞાન લેવામાં રસ હતો. ઓરિસ્સામાં જ્ઞાનવિધિ થવાની જાણ થતાં જ સૌ રોમાંચિત થઇ ગયાં. આ ગ્રુપ જયારે સત્સંગ માટે પોલીસ પરમીશન લેવા ગયું ત્યારે પૂજ્યશ્રીના ઓરિસ્સા આવવાની ખબરથી પોલીસ ઓફિસર પણ રોમાંચિત થઇ ગયાં. પોલીસ ઓફિસર પણ પૂજ્યશ્રીના સત્સંગ નિયમિતપણે જોતા હતા.
ઓરિસ્સામાં ૪૦૦ મુમુક્ષુઓએ જ્ઞાન લીધું. જ્યાં “સહુ જીવો મોક્ષનું જ્ઞાન પામો” એ ભાવ પ્રબળ હોય, ત્યાં વ્યવસ્થિત કેવી રીતે સંજોગો ભેગા કરી જ આપે એ આ રસપ્રદ કિસ્સામાં જાણવા મળે છે.



# Janmajayanti Highlights

રાજકોટ ખાતે આઠ દિવસનો પ.પૂ.દાદા ભગવાનનો ૧૧૦મો જન્મજયંતી મહોત્સવ અતિ આનંદ-ઉમંગ સાથે ભવ્ય રીતે ઉજવાયો. જન્મજયંતીના દિવસે JJ 111 નું કાઉન્ટડાઉન એક અદ્ભુત આમંત્રણરૂપી ડાન્સ કાર્યક્રમથી શરૂ થયું, જે અડાલજના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. અનેરા ઉત્સાહ અને મહાત્માઓના તાળીઓના ગડગડાટ સાથે યુવાનોએ દુનિયાભરના મહાત્માઓને ૨૦૧૮માં અડાલજમાં થનાર ભવ્યાતિભવ્ય ઉજવણીની એક નાનકડી ઝલક આપી. બાળકોની હૃદયસ્પર્શી ભાવનાના સમન્વયથી સહુ મહાત્માઓએ 'વન ફોર 111' ગીત ગાયું અને પૂજ્યશ્રીને JJ 111 માટે બધા એક થઈશું એવું વચન આપ્યું.

ત્યારબાદ પૂજ્યશ્રીએ દાદાશ્રી પાસે JJ 111 માટે આશીર્વાદની પ્રાર્થના કરી અને મહાત્માઓને હાકલ કરી કે JJ 111 માં એવી ઉજવણી કરીએ કે એકાવતારી પદ આવીને ઉભું રહે. પૂજ્યશ્રીની JJ 111 માટેની હૃદયસ્પર્શી ભાવના સાંભળી મહાત્માઓ આનંદવિભોર થયાં.




JJ 111 નો ધ્યેય દરેક પ્રકારના મહાત્માઓ માટે એક મંચ પૂરો પાડવાનો છે કે જેમાં,

- બિન-સક્રિય મહાત્માઓ - તેઓને સક્રિય થવાની તક મળે, સીમંધર સીટીના હકારાત્મક પોઝિટિવ વાતાવરણમાં વધુ સમય ગાળીને અને પ્રત્યક્ષ જ્ઞાનીની હાજરીમાં જ્ઞાનની તેમની સમજણને મજબૂત બનાવી શકે.
- સક્રિય મહાત્માઓ - તેઓ સેવા આપવાની તક મેળવી શકે - કઈ રીતે સેવા આપવાથી આપણા પોતાના કષાયો ચોખ્ખા થાય તેનો અનુભવ મળી શકે તથા જ્ઞાનનો વ્યવહારિક રીતે ઉપયોગ કરવાનો લાભ પણ મળે.
- સેવાર્થી મહાત્માઓ - જે મહાત્માઓ પહેલેથી જ સેવા આપી રહ્યા છે તેઓ આ અવસર દ્વારા પોતાના કમિટમેન્ટમાં અને જ્ઞાનના ઉપયોગમાં વધુ મજબૂત બની શકે .

## *Message for JJ 111*

"બધા જ સીમંધર સીટીમાં પધારો"

- સેવા દ્વારા વિશ્વભરના મહાત્માઓને જ્ઞાનમાં મજબૂત થવાનો.
- સીમંધર સીટીમાં રહેવાના અલૌકિક ફાયદાઓનો અનુભવ કરવાનો.

આ પ્રસંગ એવો બને કે મહાત્માઓને સમગ્ર વર્ષ દરમ્યાન અડાલજમાં થતા બધાં જ કાર્યક્રમોની ઝલક જોવા મળે.

જન્મજયંતી ૧૧૧
તારીખ : ૧૫ થી ૨૫ નવેમ્બર, ૨૦૧૮
સ્થળ : અડાલજ ત્રિમંદિર -સીમંધર સીટી

# Worldwide Swaroop Kirtan Bhakti

## વિશ્વવ્યાપી સ્વરૂપ કીર્તન ભક્તિ




પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧ મી જન્મજયંતિ નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય, જગતના લોકો તેમના દુઃખો અને અણસમજણોમાંથી મુક્ત થાય અને મહાત્માઓ શુધ્ધ ઉપયોગમાં રહીને જ્ઞાનમાં પ્રગતિ કરી શકે એવા ભાવ સાથે દાદાશ્રીના ૧૧૧ માં જન્મજયંતિના ભવ્ય ઉજવણીના ભાગરૂપે વિશ્વભરમાં સ્વરૂપ કીર્તન ભક્તિ કરવામાં આવશે.

આ કીર્તન ભક્તિનો શુભારંભ તા.૨ જાન્યુઆરી ૨૦૧૮ ના દાદાશ્રીની પુણ્યતિથીના દિવસે સીમંધર સીટી અડાલજથી થશે અને તે દાદાશ્રીના ૧૧૧ મા જન્મદિવસ, તા.૨૨ નવેમ્બર ૨૦૧૮ સુધી ચાલુ રહેશે. આ ભાવના મુજબ દરરોજ દાદા ભગવાન પરિવાર (અડાલજ)ના એક સેન્ટર પર ૧ કલાક 'અસીમ જયજયકાર' ની કીર્તન ભક્તિ કરવામાં આવશે. આ ભક્તિ દેશ વિદેશના તમામ સેન્ટર્સ પર નિર્ધારિત દિવસે કરવામાં આવશે. ૩૨૫ દિવસ થનાર આ કીર્તનભક્તિમાં ૨૫૦૦૦ થી વધુ મહાત્માઓ ભાગ લેશે. "પોઝિટિવ ભાવની" આ સાંકળ વિશ્વભરમાં અખંડપણે ચાલુ રહે તેમજ સહુ મહાત્માઓ 'વન ફોર ૧૧૧' બની દાદાના મિશનને ટેકો આપે એ ભાવનાને હજારો મહાત્માઓએ અડાલજમાં ડિસેમ્બર પારાયણ દરમ્યાન વધાવી લીધી.

# G-CONNECT

દાદાશ્રીની ૧૧૧મી જન્મજયંતી માટે પૂજ્યશ્રીએ વ્યક્ત કરેલી ભાવના સાકાર કરવા માટે G-connect કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. જ્ઞાનવિધિ બાદ ઘણાં મહાત્માઓ સત્સંગમાં connect (જોડાઈ) થઈ શકતાં નથી. ઘણાં મહાત્માઓ સંજોગો ન મળતાં disconnect (વિખેરાઈ) થઇ જાય છે. આવા સહુ મહાત્માઓને re-connect (ફરી જોડવા) કરવા માટેનો કાર્યક્રમ એટલે G-connect. G-connect એટલે કે 'જ્ઞાની સાથે કનેક્ટ'. G-connect કાર્યક્રમ હેઠળ દેશ વિદેશના તમામ સેન્ટર્સ પર છેલ્લા ૧૫ વર્ષમાં તે વિસ્તારમાં જ્ઞાન લીધેલા મહાત્માઓના ડેટા મોકલાવવામાં આવશે. તમામ સેન્ટર્સને 'આગોતરા આમંત્રણ પત્રિકા' તથા પૂજ્યશ્રીનો સ્પેશીયલ આમંત્રણ વિડીયો આપવામાં આવશે. સેન્ટર્સના મહાત્માઓ નાની ટીમ બનાવી લીસ્ટમાંના મહાત્માઓનો સંપર્ક કરશે અને તેમનો સમય લઇ તેમને રૂબરૂમાં આમંત્રણ પત્રિકા આપશે. આપણા મહાત્માઓ લીસ્ટમાંના મહાત્માઓને સેન્ટર પર ગોઠવેલા કાર્યક્રમો માટે પણ આમંત્રણ આપશે, તેમની સાથે સંપર્ક જાળવી રાખશે અને તેમને ૧૧૧મી જન્મજયંતીના રજીસ્ટ્રેશન કરવા સુધી અને જ્ઞાનમાં આગળ વધવા માટે સહાય કરશે. આ માટે દરેક સેન્ટર્સ પર G-connect કોર્ડીનેટર્સ નિયુક્ત કરવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેતાં સેવાર્થી મહાત્માઓને આ માટે ટ્રેનીંગ પણ આપવામાં આવશે. G-connect કાર્યક્રમ દરેક સેન્ટર પર માર્ચ ૨૦૧૮ થી શરૂ થશે. G-connect કાર્યક્રમમાં આશરે 8000 મહાત્માઓ ભાગ લેશે.



# Sevarthis' Experiences



## સેવા વિશે પૂજ્યશ્રીનો સત્સંગ, રાજકોટ જન્મજયંતી – ૮ નવેમ્બર ૨૦૧૭

ફ્રન્ટની સેવા તો બધાને ગમે. રોટલી આવી, પીરસી, દીપકભાઈ એક તો લેવી જ પડશે. તમે બનાવી? ના, ના, એ તો બીજા બનાવે છે. ફ્રન્ટની મજા આવે. પડદા પાછળ રહીને સેવા કરવી ને એ તો બહુ મોટા આશીર્વાદ ઉતરે. ચુલા આગળ તપતાં હોય અને રસોઈ બનાવે. અને પેલાં પીરસનારા તો આમ.. ઓહોહો, તમે થોડુંક તો લો... ના ના. ધન્ય થઈ ગયાં અહોહો આપણે ! કહેને કે કેટલી મોટી સેવા કરી ! ખાનગીમાં કરે ને એની કિંમત વધારે. હું એ મતનો કે ખાનગીમાં કર્યા કરું, પડદાની પાછળ. પછી કુદરત ઊંચકીને બહાર લઈ આવી. અને સેવા કરતાં કરતાં આપણા કષાયો, આપણી પ્રકૃતિ ખાલી થવાની. અને દાદા કહે છે ને કે સેવારૂપી યજ્ઞ હોય તો દાદાની જવાબદારી, મોક્ષે લઈ જ જાય. કષાયરહિત સેવા એ મોક્ષનો સિક્કો પાકો કરી આપે. સત્સંગ સાંભળ્યા કરો અને ઝીણા ઝીણા પ્રશ્નો પૂછો સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ અને બાવો અને અહંકાર તો આમ હવે ઓળખી ગયાં પણ આ સેવા વગર જ્ઞાન પરિણામ પામતું નથી. જેવી દિલની સેવા તેટલી દાદાની કૃપા ઉતર્યા જ કરે, આશીર્વાદ મળ્યા જ કરે. ફ્રન્ટમાં સેવા કરીએ એને વધારે આશીર્વાદ મળે અને ખાનગીમાં કરે એને ઓછા મળે એવું નથી થવાનું. ખાનગીવાળાને તો પ્લસ માર્ક વધી જાય. એટલે કૃપા ઉતર્યા જ કરે. અને એનું ફળ શું કે આપણને બીજું તો ન સમજાય પણ આનંદ
આનંદ વધે.



## સેવાર્થીઓના અનુભવો

સેવા કરવાથી શક્તિ અને સૂઝ ખૂબ વધી જાય છે. સ્ત્રી પ્રકૃતિની ગાંઠો, ક્રોધ-માન-માયા-લોભ, ધાર્યું કરવાની આદત ઓછી થતી હોય એવું લાગે છે. પરિણામે ઘરની ફાઈલો સાથે પણ કષાયરહિત વ્યવહાર થતો હોય એવું લાગે છે. શરૂઆતમાં પહેલાં વર્ષે બધા માટે નેગેટિવ દેખાતું હતું પણ ધીમે ધીમે એકબીજાને પૂરક થઈને, એડજેસ્ટમેન્ટ લઈને, આજ્ઞામાં રહીને સેવા કરવાથી સૂઝ વધતી ગઈ.

પારુલ પટેલ, હાઉસકીપિંગ ઉતારા વિભાગ



સફાઈ વિભાગમાં સવારે વહેલા ઉઠીને સત્સંગ હોલની સફાઈ માટે પહોંચી જવાનું હોય. ત્યાર બાદ અલગ અલગ જગ્યાએ સફાઈ માટે જવાનું હોય. ક્યારેક બપોરે સુવા પણ ન મળે. અને સાંજે બીજી વખત હોલની સફાઈ માટે જવાનું હોય. તેમ છતાં થાક લાગતો નથી અને ઊલટો આનંદ વધે છે. મને ઊંઘવાનો મોહ હતો, જે આ સેવાથી ગયો. ટોઈલેટની સફાઈ શરૂઆતમાં ગમતી નહીં પરંતુ દાદાના કામમાં દેહ વાપરવાથી સ્ત્રી-પ્રકૃતિના કષાયો ઓછા થયાં એ અનુભવમાં આવ્યું.

ચેતનાબેન વિરાણી, સફાઈ વિભાગ



સેવાથી મારા વિષય, કષાય અને વાણી પર સંયમ આવ્યો. સામાના વ્યુ-પોઈન્ટને સમજતો થયો. સેવાથી જ મારામાં જ્ઞાનની પ્રગતિ થઈ અને જાગૃતિ વધી છે. જ્ઞાન ધારણ કરી શકું એવી મારી કોઈ પાત્રતા ન હતી પરંતુ સેવાથી જ જ્ઞાન ધારણ થયું અને હું જ્ઞાનમાં રહી શકું છું.

ભરતભાઈ પટેલ, પાર્કિંગ વિભાગ



દરેક મોટા કાર્યક્રમોમાં સેવા માટે સત્સંગ જતો કરવો પડે છે. શરૂઆતમાં કષાયો બહુ થતાં. અહંકાર પર માર પડવાથી ભોગવટા પણ ખૂબ આવ્યાં. હું-પણું, જાણપણાના અહંકાર પર માર પડવાથી અહંકાર ઓળખાયો. સામાના દોષ જોવા, ખેંચ, પકડો, આગ્રહ, ડખા વગેરે ઓછા થયાં. સેવામાં જ્ઞાન ગોઠવવાથી પોતાની તથા સામેવાળાની પ્રકૃતિ ઓળખવાની શક્તિ વધી છે. હવે કોઈ ભૂલ દેખાડે તો સ્વીકારી શકું છું.

આરતી શેઠ, ભોજનશાળા



રાજકોટ જન્મજયંતીમાં લગભગ ૧૫,૦૦૦ બાળકોએ ચિલ્ડ્રન પાર્કની મુલાકાત લીધી. સવારના ૮ વાગ્યાથી સ્કૂલના બાળકો આવી જતાં અને પૂજ્યશ્રીના સત્સંગમાં જવું શક્ય જ ન હતું. બાળકો ખૂબ ખુશ થતાં હતાં. આટલા બધા બાળકો દાદાનું જ્ઞાન પામશે એનો આનંદ જ ઘણો હતો. સાચો આનંદ કોને કહેવાય એનો અનુભવ થયો. "ખુશી આપો તો ખુશી મળે" એનો સાચો અનુભવ થયો. કાશ મને પણ સ્કુલકાળમાં જ દાદા મળ્યાં હોત!

ઈલાબેન દેસાઈ, સ્કૂલ હોસ્ટીંગ



હું ઉતારા વિભાગમાં છેલ્લા ૧૨ વર્ષથી સેવા આપું છું. આજે મારી જ્ઞાનમાં જે કંઈ પણ પ્રગતિ છે તે સેવાના કારણે જ છે. ઉતારા વિભાગની સેવામાં ઉઘાડા કષાયો બહાર આવ્યાં. સામસામે અથડાય અને પૂરા થાય. પછી ખૂબ પ્રતિક્રમણ થાય. અને એમ કરતાં કરતાં આજે સામાને નિર્દોષ જોવાની શક્તિ ખૂબ જ વધી છે. એક વાર સેવામાં ખૂબ થાકી ગયો હતો, તે રાત્રે નીરુમા સપનામાં આવ્યાં અને તેમણે મને પૂછ્યું, “બેટા, ખૂબ થાકી ગયો છે? લાવ તારા પગ દાબી દઉં.” આવો નીરુમાના પ્રેમનો અનુભવ થયેલો.

ચેતન શાહ, હાઉસકીપિંગ ઉતારા



સિક્યોરીટીની સેવામાં ૧૦ વર્ષથી છું. તમામ સત્સંગ ગુમાવીને સેવા કરવાની હોય છે. ઈવેન્ટમાં આવનાર મહાત્મા નિશ્ચિંતપણે સત્સંગનો લાભ લઈ શકે માટે અમારે જાગૃતિ રાખવાની હોય છે. આ સેવામાં નિજાનંદની અનુભૂતિ થાય છે જે શબ્દોમાં મૂકી શકાય નહીં. હું તો રાહ જ જોતો હોવ છું કે ક્યારે ઈવેન્ટ આવે અને ક્યારે હું સેવામાં પહોંચું. આ સેવા હું જ્ઞાની પ્રત્યે મારો પ્રેમ હોવાથી કરું છું.

રાજુભાઈ પંડ્યા, સિક્યોરીટી વિભાગ

# GNAN BOOSTER



ભાદરણ – નવેમ્બર ૨૦૧૭

પ્રશ્નકર્તા : સેન્સિટિવ અહંકાર કેવો હોય ?

પૂજ્યશ્રી : કાચબા જેવો. જરાક જ ખખડાટ થાય એટલે સંકોચાતો જાય અને હાથ, પગ, માથું એક પછી એક અંદર ખેંચતો જાય.



ગાંધીનગર સત્સંગ – ઓક્ટોબર ૨૦૧૭

પ્રશ્નકર્તા : મારે એક સફળ વ્યકિત બનવું છે.

પૂજ્યશ્રી : એના કરતા અસાધારણ વ્યકિત બનવાનું માંગો કે જે સફળતામાં છકે નહીં ને નિષ્ફળતામાં  ડગે નહીં.



ભાદરણ – નવેમ્બર ૨૦૧૭

પ્રશ્નકર્તા : નોંધ એટલે શું ?

પૂજ્યશ્રી : આ મેં આંગળીથી કંકુના ચાંદલા ૧ મિનીટ જ કર્યા તો તે આઠ દિવસ થયા તે હજુ લાલ લાલ આછું રહ્યું છે, દરરોજ ધોઉં છું થોડું થોડું ઓછું થઇ રહ્યું છે. એવું નોંધ થઇ ગઈ હોય તે ઘણા વર્ષો રહે.

ભુવનેશ્વર – નવેમ્બર ૨૦૧૭

પ્રશ્નકર્તા : GST ને લીધે ધંધા પર બહુ અસર થઇ છે.

પૂજ્યશ્રી : GST તો બહુ ઉપકારી છે. G એટલે જ્ઞાન, S એટલે સમજણ અને T એટલે તપ.






# HR BUZZ

*In touch, in tune...*
*with Sevarthis*

# THINK ABOUT IT!

દરેકના પોતાના સ્વપ્નો અને ધ્યેય તો હોય જ પણ તેના માટે તમારે શું કરવાની જરૂર છે એનું પ્લાનિંગ અને આયોજન ના હોય તો તમે ત્યાંના ત્યાં જ રહેશો...

આપણે જેને ટાઈમ મેનેજમેન્ટ ફોર્મ્યુલા કહીએ છીએ તેનો સૌથી મહત્વનો ભાગ છે **PLANNING.**
આપણે એવું કહેતાં હોઈએ છીએ કે "પ્લાનિંગ કરવાનો મારી પાસે ટાઈમ જ નથી" અથવા "પ્લાનિંગ કર્યા પછી ખૂબ ફેરફારો થતા હોય છે" પણ હકીકત આ છે: રિસર્ચ એવું કહે છે કે પ્લાનિંગ પાછળ ૧ મિનિટ ફાળવવાથી એના અમલમાં ૧૦ ગણો ફાયદો થાય છે.

**1 MINUTE = 10 MINUTES**

**10 MINUTES = 1 HOUR AND 40 MINUTES!**

જો અસરકારક ટાઈમ મેનેજમેન્ટથી રોજ અડધો કલાક વધારે મળે તો તે હિસાબે તમને ૧ વર્ષમાં ૨૨ દિવસ વધારાના મળી જાય છે. પ્લાનિંગ તમને તમારા લક્ષ અને ઉદેશ્યને પહોંચી વળવા માટે જાગૃત રાખે છે.

## PLAN YOUR DAY

### તમારા ધ્યેયને સિધ્ધ કરવા માટે પ્લાનિંગની કેટલીક ટીપ્સ !

1. એક લીસ્ટ બનાવો. રોજ સવારની પહેલી દસ મિનીટ જુદી તારવીને આખા દિવસના અગત્યના કામો વિશે વિચાર કરો.

2. એકદમ અગત્યનું કામ પહેલા શરૂ કરો (એવું કે જે સમયસર પૂરું ના થાય તો મોટા પ્રોબ્લેમ થઇ જાય)

3. લીધેલા પ્રોજેક્ટ માટે ચોક્કસ સમય ફાળવી દો. (આખા દિવસમાં કે અઠવાડિયાનો અમુક સમય નક્કી રાખો) પછી એ સમયે બીજા રોજબરોજના કામમાં લાગી જવાની વૃત્તિને વશ થઇ જતાં રોકો.

4. આવી પડતાં અણધાર્યા કામો માટે સમય બચાવો. ઓચિંતા આવી પડતા કામો આપનો કેટલો સમય લઇ લે છે તેટલો સમય પહેલેથી જ જોડી લો જેથી અણધાર્યા કામોને પહોંચી વળાય.





*Tips Board*


# New Releases

## અલગ અલગ ભાષામાં રીલીઝ થયેલ બુક્સ...

### ઉડીયા
















### મરાઠી













### બંગાળી






હિન્દી આપ્તવાણી
૧૩ (પૂ.)
DVD ભાગ ૧-૪૦

### પોર્ટુગીઝ ઓડિયો બુક




### પાંચ આજ્ઞા સમજાવતી નવી ડીવીડી વિવિધ દ્રષ્ટાંતો સાથે...








હિન્દી આપ્તવાણી ૧૩ (પૂ.)

### આસામી




## બાળવિજ્ઞાનની પ્રકાશિત થયેલ નવી બુક્સ




GNC ભક્તિપદ



૯ કલમો ઉપર વિડિયો સ્ટોરી



# SPECIAL MESSAGE



જય સચ્ચિદાનંદ,

આ વર્ષે આપેલ સંદેશ મુજબ ગમતાં-નાગમતાં સંયોગોમાં સમતા રહે, શુધ્ધાત્મા પદમાં રહી સંયોગ માત્ર ફાઈલ સ્વરૂપે લાગે અને આવી પડેલાં સંજોગોનો  સમભાવે નિકાલ થાય. પરમ પૂજ્ય દાદાશ્રીએ આપેલ પાંચ આજ્ઞાઓ સિધ્ધ કરવાનો પુરુષાર્થ વધુ વેગથી મંડાય એ જ દાદા ભગવાનને હૃદયપૂર્વક ભાવના છે.

દીપકના જય સચ્ચિદાનંદ...

Guru Purnima

Janma Jayanti

Bestu Varsh

## Wishing you all a Happy New Year full of Gnan & Events


Akram Jhalak
Dada Bhagwan Parivar
Adalaj Trimandir, Simandhar City,
Ahmedabad-Kalol Highway, Gandhinagar, Gujarat 382421
Email: newsletter@dadabhagwan.org
Website: www.dadabhagwan.org